# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

**1)** નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં આર્થિક સર્વેક્ષણ 2025-26 રજૂ કરશે.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક ઊર્જા ક્ષેત્ર સંશોધન-ઉત્પાદનમાં 100 અબજ યુએસ ડોલરની રોકાણની સંભાવના વ્યક્ત કરી

**3)** નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સાથે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું આજે સમાપન થશે

**4)** ભારતીય નૌકાદળને પ્રજાસત્તાક દિવસ પરેડ 2026ની શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી જાહેર કરવામાં આવી

**5)** અમેરિકાએ, ઈરાનને પરમાણુ વાટાઘાટો માટે ચીમકી આપી.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વૈશ્વિક ઊર્જા ક્ષેત્રના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

ભારતના મજબૂત આર્થિક ગતિ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક ઊર્જા માંગ-પુરવઠા સંતુલનમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. વાતચીત દરમિયાન, તેમણે ભારતના ઊર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ તકો તરફ ધ્યાન દોર્યું. શ્રી મોદીએ સરકાર દ્વારા રજૂ કરાયેલા રોકાણકાર-મૈત્રીપૂર્ણ નીતિ સુધારાઓને ટાંકીને સંશોધન અને ઉત્પાદનમાં લગભગ 100 અબજ યુએસ ડોલરની રોકાણ સંભાવના પર પ્રકાશ પાડ્યો. તેમણે કોમ્પ્રેસ્ડ બાયોગેસમાં 30 અબજ યુએસ ડોલરની તક પર પણ ભાર મૂક્યો.

ઉચ્ચ-સ્તરીય રાઉન્ડમેજમાં અગ્રણી વૈશ્વિક અને ભારતીય ઊર્જા કંપનીઓ અને સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 27 સીઈઓ અને વરિષ્ઠ કોર્પોરેટ મહાનુભાવો હાજર રહ્યા હતા.

# PRAGATI

પ્રધાનમંત્રીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટેના મુખ્ય પ્લેટફોર્મ, પ્રગતિએ તેની 50મી બેઠકના સફળ આયોજન સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે.

આ પ્લેટફોર્મ સહકારી સંઘવાદનું ઉદાહરણ આપે છે, જે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રીય મંત્રાલયોને એક જ ડિજિટલ ઇન્ટરફેસ પર એકસાથે લાવે છે.

આજે, આ ખાસ શ્રેણીમાં, આપણે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ અમલમાં મુકાયેલા બેમ્બલા સિંચાઈ અંગે સાંભળીએ એક અહેવાલ

બાઇટ - આંનદ કુમાર પ્રગતિ

## FINANCE MINISTER NIRMALA SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં આર્થિક સર્વેક્ષણ 2025-26 રજૂ કરશે. આ દસ્તાવેજ મુખ્ય આર્થિક સલાહકારના માર્ગદર્શન હેઠળ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

આર્થિક સર્વેક્ષણ દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અને ભવિષ્યના દૃષ્ટિકોણની વ્યાપક સમીક્ષા છે. કેન્દ્રીય બજેટ 2026-27 રવિવારે રજૂ કરવામાં આવશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો આવતા મહિનાની 13 તારીખ સુધી ચાલશે. બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્ર દરમિયાન 30 બેઠકો થશે.

## WINGS INDIA 2026

એશિયાનો સૌથી મોટો નાગરિક ઉડ્ડયન કાર્યક્રમ, વિંગ્સ ઇન્ડિયા 2026 આગામી 31મી તારીખ સુધી ચાલશે. ચાર દિવસીય આ કાર્યક્રમમાં ભારતીય ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ અને વૈશ્વિક ઉડ્ડયનના ભવિષ્યને દર્શાવવામાં આવશે.

સાંભળીએ એક અહેવાલ

V/C – JAYA

# AJIT PAWAR DEATH

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર આજે સવારે 11 વાગ્યે પુણે જિલ્લાના બારામતી ખાતે સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે.

ગઈકાલે વિમાન દુર્ઘટનામાં શ્રીપવારનું અવસાન થયું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સ્વર્ગસ્થ અજિત પવારના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે બારામતીની મુલાકાત લેશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્ય મંત્રીમંડળના સભ્યો પણ અંતિમ સંસ્કારમાં હાજર રહેશે.

મહારાષ્ટ્ર સરકારે નાયબ મુખ્યમંત્રીના અવસાન બાદ જાહેર રજા જાહેર કરી છે. શ્રદ્ધાંજલિ રૂપે આજે બધી શાળાઓ બંધ રહેશે. મુખ્યમંત્રી ફડણવીસે ત્રણ દિવસનો રાજ્ય શોક જાહેર કર્યો છે જે દરમિયાન તમામ સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. રાજ્યમાં સરકારી ઇમારતો ઉપર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે.

# INDIA EU

ભારત અને યુરોપિયન યુનિયનએ સુરક્ષા, વિશ્વાસ અને સ્થિતિસ્થાપક વૈશ્વિક સપ્લાય ચેઇન પર ધ્યાન કેન્દ્રિત કરીને 6G ટેલિકોમ્યુનિકેશન સહિત આગામી પેઢીની ડિજિટલ ટેકનોલોજીમાં વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે.

મંત્રાલયે જણાવ્યું કે આ સહયોગ ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા સંચાલિત રાષ્ટ્રના રાષ્ટ્રીય 6G વિઝન સાથે સુસંગત છે

સુરક્ષિત, સસ્તું અને ટકાઉ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરતી વખતે, ભારતને 6G ટેકનોલોજી વિકાસમાં વૈશ્વિક યોગદાન આપનાર અને નેતા તરીકે સ્થાન આપવાનો પ્રયાસ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# RUSSIA

સીરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ અહમદ અલ-શારાએ ગઈકાલે મોસ્કોની મુલાકાત લીધી હતી.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ક્રેમલિનમાં તેમના સીરિયન સમકક્ષને મળ્યા હતા. બંને નેતાઓ વચ્ચેની વાતચીતમાં સીરિયામાં રશિયાની ભાવિ લશ્કરી હાજરીનો સંવેદનશીલ મુદ્દો શામેલ છે. રશિયન રાષ્ટ્રપતિએ દેશને તેના યુદ્ધગ્રસ્ત

અર્થતંત્રને ફરીથી બનાવવામાં મદદ કરવા માટે તેમની તૈયારી પર ભાર મૂક્યો હતો.

શ્રી પુતિને કહ્યું કે રશિયાએ કુર્દો દ્વારા નિયંત્રિત વિસ્તારો સહિત તેના સમગ્ર પ્રદેશ પર નિયંત્રણ પુનઃસ્થાપિત કરવાના સીરિયા સરકારના પ્રયાસોને સમર્થન આપ્યું છે.

## BEATING RETREAT

૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમાપન પ્રસંગે આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રીઓ તેમાં હાજરી આપશે. આ સમારોહમાં ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના બેન્ડ્સ રજૂ થશે.

આ વર્ષે, વિજય ચોક ખાતેના બેઠક વ્યવસ્થાને ભારતીય સંગીત વાદ્યોના નામ પરથી નામ આપવામાં આવ્યું છે, જે દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે.

**V/C – AKSHIT**

# REPUBLIC DAY PARADE 2026

પ્રજાસત્તાક દિવસ પરેડ 2026ના શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડીઓ અને શ્રેષ્ઠ ટેબ્લોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

ત્રણેય સેવાઓમાં, ભારતીય નૌકાદળને શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી તરીકે જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે દિલ્હી પોલીસે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને અન્ય સહાયક દળોમાં એવોર્ડ જીત્યો છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં, મહારાષ્ટ્રે તેના ટેબ્લો "ગણેશોત્સવ: આત્મનિર્ભરતાનું પ્રતીક" માટે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં, સંસ્કૃતિ મંત્રાલયે તેના ટેબ્લો "વંદે માતરમ - ધ સોલ ક્રાય ઓફ અ નેશન" માટે જીત મેળવી છે.

# TRUMP

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ વાટાઘાટો અંગે ઈરાનને ફરીથી ચેતવણી આપી છે કે તેઓ સંધિ માટે તૈયાર થઈ નહિતર ભવિષ્યમાં કોઈપણ હુમલો અગાઉ કરતાં વધુ ઘાતક રહશે.

ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેહરાનને પરમાણુ શસ્ત્રોને દૂર કરવા માટે યોગ્ય સમાન સોદા માટે ઝડપથી ચર્ચા કરવાનો સમય પૂરો થઈ રહ્યો છે.

ઈરાન પર કેરલા હુમલાઓનો ઉલ્લેખ કરતા શ્રી ટ્રમ્પએ કહ્યું કે, જો ઈરાન આ સમય મર્યાદામાં સંધિ નહીં કરે તો પરિણામ ગંભીર આવશે

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પાવરના આકસ્મિક મૃત્યુના સમચારોને પ્રથમ પાને છાપ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, મહારાષ્ટ્રે રાજકારણના દાદા ગુમાવ્યા
- નવગુજરાત સમાચાર લખે છે, પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજીત પવાર સહિત 5 ના મોત
- સંદેશ લખે છે , બરમતીમાં પ્લેન ક્રેશ : અજીત પવારનું નિધન
- એમેઝોનમાં છટણીથી 16 હજાર નોકરીઓ જવાના સમાચારો પણ પ્રથામ પાને છપાયા છે.
- ઉપરાંત, સ્થાનિક સમાચારોમાં અમદાવાદ મહેસાણા હાઇવે ને આઠ માર્ગીય કરવાના સમાચારો પણ વાંચવા મળી રહ્યા છે.